# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16/06/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રીએ કહ્યું કે, જ્યારે યોજનાઓનો સીધો લાભ લોકો સુધી પહોંચે છે, ત્યારે જ જન-વિશ્વાસ દ્રઢ બને છે.**
2. **જાહેર થયેલી નવી ઔદ્યોગિક નીતિથી વિવિધ ક્ષેત્રોમાં ૧૫ થી ૪૫ ટકા સુધીના વિવિધ ઇન્સેન્ટિવ દ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતાં નાયબ મુખ્યમંત્રી.**
3. **રાહદારીઓ માટે અમદાવાદના સી.જી. રોડ પર પ્રાયોગિક ધોરણે બટન-ઓપરેટેડ સિગ્નલ સિસ્ટમ આધારિત પેલિકન ટ્રાફિક સિગ્નલ લગાવાયુ.**
4. **સુરતના સલાબતપુરાના 33 વર્ષ જૂના લૂંટના કેસમાં પોલીસે ત્રણ વોન્ટેડ ગુનેગારોની ધરપકડ કરી.**
5. **આગામી સાત દિવસ રાજ્યમાં છુટાછવાયા વરસાદની આગાહી.**
6. **ફૂટસલ ક્લબ ચેમ્પિયનશીપનો આવતીકાલથી ભાવનગરમાં પ્રારંભ થશે.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# VIKSIT BHARAT SANKALP SAMELAN

12 વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના અભિયાન અંતર્ગત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંઅનેક કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને અમદાવાદમાં 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાયું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વિકાસ, જનકલ્યાણ અને વિશ્વાસ એ એકબીજા સાથે જોડાયેલા, જ્યારે યોજનાઓનો સીધો લાભ લોકો સુધી પહોંચે છે, ત્યારે જ જન-વિશ્વાસ દ્રઢ બને છે.

તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી મોદીની 'જે બોલવું તે કરી બતાવવું' ની કાર્યશૈલીને કારણે જ દેશમાં ઐતિહાસિક અને મોટા નિર્ણયો સાકાર થયા. ગુજરાતમાં એક સમયે પાણી અને વીજળી માટે જે મોટો સંઘર્ષ હતો, તે આજે અવિરત વીજળી અને વ્યાપક નર્મદા નેટવર્કથી સંપૂર્ણ દૂર થયો.

આ કાર્યક્રમ પર પ્રતિક્રિયા આપતા, ગુજરાત ભાજપના પ્રવક્તા ડૉ. અનિલ પટેલે પરિષદ દરમિયાન પ્રકાશિત થયેલી સિદ્ધિઓ અને સરકારની વિકાસ પહેલ પર પોતાના વિચારો જણાવ્યા હતા.

## BYTE: ANIL PATEL, GUJARAT BJP SPOKESPERSON

બનાસકાંઠા ખાતે ‘૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના’ અભિયાન અંતર્ગત જિલ્લા કક્ષાનું ‘વિકસિત ભારત સંકલ્પ સંમેલન’ વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને પ્રભારીમંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં યોજાયું હતું.

આ પ્રસંગે અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે, નર્મદાના નીરે સરહદી વિસ્તારના વિકાસને એક નવી દિશા આપી છે. સંમેલન પૂર્વે મહાનુભાવોએ નડાબેટ ખાતે વિવિધ વિકાસ પ્રકલ્પોની મુલાકાત લીધી હતી. તેમજ થરાદની ગાયત્રી વિદ્યાલય ખાતે કેન્દ્ર સરકારની ૧૨ વર્ષની સિદ્ધિઓને ઉજાગર કરતી ત્રિ-દિવસીય પ્રદર્શની નિહાળી વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

જામનગર ખાતે વિકાસ અને કલ્યાણકારી પહેલો પર પ્રકાશ પાડતી એક પત્રકાર પરિષદ યોજાઈ હતી તથા જામનગરમાં 12 વર્ષના વિકાસ કાર્યો દર્શાવતી એક ગેલેરી પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી અર્જુન મોઢવાડીયાએ દેશને નવી દિશા આપવાનો શ્રેય પ્રધાનમંત્રી મોદીને આપ્યો.

**BYTE: ARJUN MODHWADIA MINISTER**

## TAPI BJP MEET

તાપી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો કાર્યકરોનું એક સંમેલન યોજાયું હતું. કેન્દ્ર સરકારને 12 વર્ષ સફળતા પૂર્વક પૂર્ણ થતા, આ સમયગાળા દરમ્યાન દેશમાં થયેલ જનકલ્યાણ યોજનાઓ, વિકાસ કાર્યો, પ્રજાવિશ્વાસ સુધી પહોંચાડવાના ભાગરૂપે આ સંમેલન યોજાયું હતું.

પ્રજાનો વિશ્વાસ કાયમ રહે તે ઉદેશ્ય સાથે યોજાયેલા આ સંમેલનમાં સાંસદ દર્શનાબેન જરદોશ, પ્રભુ વસાવા, ધારાસભ્ય મોહન કોકની સહિતના પદાધિકારીઓ, જિલ્લા સંગઠનના પ્રમુખ સહિતના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં આગેવાનોએ છેલ્લા 12 વર્ષ દરમ્યાન થયેલ વિકાસના કાર્યોની ચર્ચા કરી હોવાનું સાંસદ દર્શના જરદોશે કહ્યુ હતું.

**BYTE - DARSHANA JARDOSH, MP**

## INDUSTRAIL POLICY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગઇકાલે ઔદ્યોગિક નીતિ **2026**ની જાહેરાત ગાંધીનગરના મહાત્મા મંદીર ખાતેથી કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નવી ઔદ્યોગિક નીતિને વિકસિત ગુજરાતથી વિકસિત ભારત **2047**ના સંકલ્પને સાકાર કરનાર સર્વગ્રાહી વિકાસ દસ્તાવેજ ગણાવી હતી.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ભવિષ્ય માટેનો માર્ગદર્શક દસ્તાવેજ એવી નવી ઔદ્યોગિક નીતિ માત્ર પ્રોત્સાહનો આપતી યોજના નથી, પરંતુ વર્ષ **2047**ના વિકસિત ગુજરાતના વિઝનને સાકાર કરવાનું એક શક્તિશાળી માધ્યમ છે.

આ નવી ઔદ્યોગિક નીતિથી વિવિધ ક્ષેત્રોમાં 15 થી 45 ટકા સુધીના વિવિધ ઇન્સેન્ટિવદ્વારા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવશે, જેથી નવા રોકાણો આકર્ષાય, રોજગારીનું સર્જન થાય અને રાજ્યના યુવાનોને પોતાના વતનમાં જ ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની તક મળે.

**BYTE: HARSH SANGHVI, DEPUTY CM**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................................

## PELICAN TRAFIC SIGNELS

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સૌથી વ્યસ્ત વ્યાપારી વિસ્તાર એવા સી.જી. રોડ પર મ્યુનિસિપલ માર્કેટ પાસે પ્રાયોગિક ધોરણે પેલિકન ટ્રાફિક સિગ્નલ લગાવવામાં આવ્યું છે. આ નવું સિગ્નલ હાલમાં અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસને કામગીરી અને નાગરિકોના વપરાશ માટે સોંપવામાં આવ્યું છે.

પેલિકન સિગ્નલ એ ખાસ કરીને પદયાત્રીઓ માટે ડિઝાઇન કરવામાં આવેલી બટન-ઓપરેટેડ સિગ્નલ સિસ્ટમ છે. જ્યારે કોઈ નાગરિકને વ્યસ્ત રોડ ઓળંગવો હોય, ત્યારે તેમણે સિગ્નલના થાંભલા પર લગાવેલું બટન દબાવવાનું રહેશે. બટન દબાવતાની સાથે જ સિગ્નલ સિસ્ટમ સક્રિય થશે અને થોડી જ ક્ષણોમાં વાહનો માટેની લાઈટ લાલ **(Red)** થઈ જશે.

આનાથી વાહનો ઉભા રહી જશે અને પદયાત્રીઓને કોઈપણ ભય વિના, સુરક્ષિત રીતે રસ્તો ઓળંગવા માટે પૂરતો સમય મળી રહેશે. આ પ્રાયોગિક

ધોરણના સિગ્નલના અમલીકરણનું બારીકાઈથી અવલોકન કરવામાં આવશે. જો આ ટ્રાયલ સફળ અને યોગ્ય જણાશે, તો ટ્રાફિક પોલીસની જરૂરિયાત મુજબ શહેરના અન્ય વ્યસ્ત અને ટ્રાફિકવાળા સ્થળો પર પણ આવા પેલિકન સિગ્નલ ઇન્સ્ટોલ કરવામાં આવશે.

## AMC SWANIDHI YOJNA

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના યુ.સી.ડી. વિભાગ દ્વારા અમલીકૃત પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ યોજના , **PM SVANIDHI** હેઠળ વિવિધ લોન સાયકલોમાં સમાવિષ્ટ કુલ **165** લાભાર્થીઓને લોન મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મેયર હિતેશ બારોટની ઉપસ્થિતીમાં યોજાયેલા આ મેળામાં યોજનાનો લાભ મેળવવા ઇચ્છુક આશરે **190** શેરી-ફેરીયાઓની નવી લોન અરજીઓનું બેંકોમાં રજિસ્ટ્રેશન પણ કરવામાં આવ્યું હતું. મેળામાં ઉપસ્થિત લાભાર્થીઓને સરકારની અન્ય વિવિધ સામાજિક સુરક્ષા યોજનાઓના લાભો અંગે માર્ગદર્શન અને સહાય પણ પૂરી પાડવામાં આવી હતી.

## SURAT ACCUSED

સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા **33** વર્ષ જૂના લૂંટના કેસમાં પોલીસે ત્રણ વોન્ટેડ ગુનેગારોની ધરપકડ કરી છે. **1992**થી ફરાર આ

આરોપીઓને શોધવા પોલીસ માટે ટેકનિકલ અને માનવ દેખરેખનો ઉપયોગ કર્યો હતો. આ અંગે સુરત ડીસીપી કાનન દેસાઇએ વધુ માહિતી આપી.....

**BYTE - KANAN DESAI, DCP**

# WEATHER

આગામી સાત દિવસ રાજ્યમાં છુટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ત્રણ દિવસ સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદર નગર હવેલીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

આગામી દિવસોમાં તાપમાનના વધુ ફેરફાર થવાની શક્યતા નહિવત હોવાનું હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ કે દાસે જણાવ્યુ હતું.

# FOOTSAL

ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ અસોશિએશન દ્વારા આયોજિત ફૂટસલ ક્લબ ચેમ્પિયનશીપ **2025-26**નો આવતીકાલથી પ્રારંભ થશે.

ભાવનગરના ઇંડોર સ્ટેડિયમ ખાતે આવતીકાલથી **28**મી જૂન દરમિયાન યોજાનારી આ ટૂર્નામેન્ટમાં **13** રાજ્યોના ખેલાડીઓ ભાગ લેશે. ફૂટસેલ ક્લબ ચેમ્પિયનશીપ – **2025-26**માં ભારતની **13** રાજ્યોની ક્લબોની ટીમોને **4** ગ્રુપમાં વહેચવામાં આવેલ છે.

# PAVAGADH

યાત્રાધામ પાવાગઢ ખાતે અધિકમાસની સોમવતી અમાસ નિમિત્તે ગઈકાલે હજારો શ્રદ્ધાળુઓ મહાકાળી માતાના દર્શનાર્થે ઉમટયા હતા. 'જય માતાજી'ના ગુંજતા નાદ વચ્ચે મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિકો પાવાગઢ પહોંચ્યા હતા. યાત્રાળુઓની સુવિધા માટે મંદિર ટ્રસ્ટ અને સ્થાનિક તંત્ર દ્વારા પીવાના પાણી, તબીબી સહાય અને માર્ગદર્શન કેન્દ્ર સહિતની વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી હતી. ભીડ નિયંત્રણ માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત કરાયો હતો.

-----------------------------------------------------------